# સાબરકાંઠામાં સ્વાઈન ફલુના ૩૭ કેસ નોંધાયા

### કયા તાલુકામાં કેટલા કેસ નોંધાયા

| તાલુકાનું નામ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| હિંમતનગર | ૦૭ | ૧૩ | ૨૦ |
| ઈડર | ૦૪ | ૦૬ | ૧૦ |
| ખેડબ્રહ્મા | ૦૦ | ૦૦ | ૦૦ |
| તલોદ | ૦૩ | ૦૧ | ૦૪ |
| પ્રાંતિજ | ૦૧ | ૦૨ | ૦૩ |
| વિજયનગર | ૦૦ | ૦૦ | ૦૦ |
| વડાલી | ૦૦ | ૦૦ | ૦૦ |
| પોશીના | ૦૦ | ૦૦ | ૦૦ |

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સ્વાઈન ફલુએ ભરડો લીધો છે ત્યારે તેમાં બે માસમાં કુલ ૩૭ કેસ નોંધાયા છે. જોકે તેમાં પુરૂષ કરતા સ્ત્રીની સંખ્યા વધુ છે. આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ ૨૭ દર્દીઓને સારવાર આપી ભયમુક્ત જાહેર કરી તેમને રજા આપી દેવાઈ છે. હાલ ૧૧ દર્દીઓ સારવાર હેઠળ છે.

મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં ઠંડીને કારણે લોકો તાવ, મેલેરીયા જેવા રોગોમાં સપડાઈ રહ્યા છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે માસમાં સ્વાઈન ફલુના ૩૭ કેસ નોંધાયા છે. જેમાં ૧૫ પુરૂષ અને ૨૨ મહીલાઓનો સમાવેશ થાય છે. તે પૈકી જિલ્લામાં ૯ પુરૂષો અને ૧૮ મહીલાઓને સમયસર સારવાર મળી રહેતા ૨૭ દર્દીઓને વિવિધ હોસ્પિટલોમાંથી રજા આપી દેવાઈ છે.

જોકે ૬ પુરૂષો અને ૫ મહીલામાં સ્વાઈન ફલુના લક્ષણો જણાતા તેમને વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ રખાયા છે. આરોગ્ય વિભાગના દાવા મુજબ આ વર્ષે જિલ્લામાં સ્વાઈન ફલુના લીધે એક પણ દર્દીનું મૃત્યુ થયું નથી. તેવો દાવો સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીએ કર્યો છે.

## સાબરડેરીની ચૂંટણીમાં ઉમેદવારોને પ્રતિક ફળવાયા

આગામી તા. ૨૨ ફેબ્રુઆરીએ સાબરડેરીના નિયામક મંડળની ૧૬ પૈકી ૪ બેઠકો માટે ચૂંટણી યોજાનાર છે ત્યારે મંગળવારે ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થયા બાદ બુધવારે ૪ બેઠકો માટે ચૂંટણી લડી રહેલા ૧૦ ઉમેદવારોને તેમના ચૂંટણી ચિહ્નોની ફાળવણી કરવામાં આવી છે. આ અંગે પ્રાંત કચેરીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરડેરીની ૧૬ પૈકી ૧૨ બેઠકો પર ઉમેદવારો વચ્ચે સધાયેલી સર્વ સંમતિ બાદ તે બેઠકો બિનહરીફ થઈ છે. તેમ છતાં નિયામક મંડળની હિંમતનગર-૨, પ્રાંતિજ, તલોદ અને માલપુરની બેઠક પર સર્વસંમતી ન સધાતા આ ૪ બેઠકો માટે ૨૨ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાશે. જેમાં વહીવટીતંત્ર દ્વારા ચૂંટણી લડી રહેલા ૧૦ ઉમેદવારોને ચૂંટણી ચિહ્નોની બુધવારે ફાળવણી કરવામાં આવી છે. દરમ્યાન ચૂંટણીમાં ઉભા રહેલા પરીવર્તન પેનલના ૪ ઉમેદવારોને કાતરનુ પ્રતિક મળ્યુ છે. જ્યારે અન્ય ઉમેદવારોને ટ્રક, સ્ટુલ અને એર કન્ડીશરના પ્રતિક મળ્યા છે. ચૂંટણી પ્રતિકોની કરાયેલી ફાળવણી પરથી એવુ સ્પષ્ટ લાગી રહ્યુ છે કે સાબરડેરીની ચૂંટણીમાં બે પેનલો વચ્ચે જંગ જામશે. જેમાં સ્ટુલવાળી પેનલ અને કાતરવાળી પેનલ વચ્ચે ખરાખરીનો જંગ જામશે તેવી શક્યતા દેખાઈ રહી છે.

## મહેસાણા-વિજાપુર માર્ગ પર કાર અને રીક્ષા ટકરાતાં ચારના મોત

મહેસાણા, તા. ૧૩

ગઈકાલે મહેસાણા-વિજાપુર હાઈવે પર ઉદલપુર પાસે મોટરકાર અને ઓટોરીક્ષા વચ્ચે ગોઝારો અકસ્માત જાતા રીક્ષામાં સવાર રાવળ પરિવારના ચાર વ્યક્તિઓના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યાં હતા જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે બેચરાજી તાલુકાના દેલવાડા ગામના રાવળ પરિવારના સભ્યો સગાઈના પ્રસંગમાં માણસા તાલુકાના વ્યાસપાલડી ગામે ગયા હતા. ગઈકાલે સાંજે પ્રસંગ પતાવીને તેઓ ઓટોરીક્ષામાં પરત દેલવાડા જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં મહેસાણા-વિજાપુર હાઈવે પર ઉદલપુર ગામ નજીક એક ડસ્ટન કારે રીક્ષાને જોરદાર ટક્કર મારતાં રીક્ષામાં સવાર હીરાભાઈ સોમાભાઈ રાવળ ઉં.વ. ૪૫, નવિન અમરતભાઈ રાવળ ઉં.વ. ૨૮, કનુ રાજુભાઈ રાવળ ઉં.વ. ૧૩ અને કિશન જગદીશભાઈ રાવળ ઉં.વ. ૧૬ના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યાં હતા. જ્યારે એક વ્યક્તિને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ગોઝારા અકસ્માતની જાણ થતાં લોકો ઘટનાસ્થળે ઉમટ્યા હતા. દરમિયાન જિલ્લા પોલીસ અધિક્ષક સહિત વિસનગર તાલુકા પોલીસ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને રાવળ ચંદુભાઈ શંકરભાઈની ફરિયાદના આધારે ડસ્ટન રેડીગો કાર નં. જીજે.૦૨.સી. એન.૦૫૯૭ના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

ઉપરોક્ત ગોઝારા અકસ્માતમાં દેલવાડા ગામના રાવળ પરિવારના ચાર સભ્યો મોતને ભેટતાં સમગ્ર પરિવારમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

## વિજાપુરમાં અકસ્માતે ઈજાગ્રસ્ત નાગરિક પાસેથી હોસ્પીટલે ફી વસુલી

**તબીબે સરકારી પરિપત્રની કોઈ જાણકારી ન હોવાનુ લેખિત આપ્યુ તેમજ ફી વસુલ્યાની પહોંચ આપી, બેસણાંમાંથી પરત જતા માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયા હતા, સરકારના મૂળભૂત ઉદ્દેશનો અમલ કરવામાં ઠાગાઠૈયા**

વિજાપુર, તા. ૧૩

વિજાપુર નજીક રણછોડપુરા ચોકડી પાસે કારમાં જઈ રહેલા ચાર વ્યક્તિને નડેલા અકસ્માત બાદ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં વધુ ઈજાગ્રસ્ત એક વ્યક્તિ પાસેથી સારવારની ફી વસુલ કરી પહોંચ અપાઈ છે તેમજ તબીબ દ્વારા સરકારી પરિપત્રની કોઈ જ જાણકારી ન હોવાની લેખિતમાં કબુલાત કરતાં ઈજાગ્રસ્તો ડઘાઈ ગયા હતા. જોકે થયેલા અકસ્માત સંદર્ભે વિજાપુર પોલીસમાં ફરીયાદ થઈ છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



મળેલ વિગતો મુજબ વિજાપુર તાલુકાના જેપૂર ગામથી બિપીનભાઈ બાબુભાઈ પટેલ, તેજસ પૂંજાભાઈ પટેલ, નિકુંજ કમલેશભાઈ પટેલ તથા કિર્તીભાઈ રણછોડભાઈ પટેલ બેસણામાં જયેશભાઈ ડાહ્યાભાઈની સેન્ટ્રો કાર જીજે.૦૧. કેએ.૪૭૪૫ લઈને ગયેલ હતા. જે રાત્રીએ ૮.૩૦ વાગે પરત ફરી રહ્યા હતા ત્યારે રણછોડપુરા ચોકડી પાસે ટેલર નં. આરજે.૨૭-જીએ.૯૪૮૫ સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં બિપીનભાઈ, નિકુંજભાઈ અને કિર્તીભાઈ ઈજાગ્રસ્ત થતા વિજાપુરની પર્ણાશા સર્જીકલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા જેમાં બિપીનભાઈને મોઢા ઉપર ટાંકા આવ્યા અને પાંસળીના ફેક્ચરનું તબીબે નિદાન કરી સારવાર કરી હતી.




આ અંગે તબીબે સારવાર અંગેનું બિલ માટે બિપીનભાઈ પાસે માંગ કરી હતી જે માટે બિપીનભાઈએ સરકારના અકસ્માતમાં સારવાર અંગેના પરિપત્રથી ફી વસુલી શકાય નહી તેવુ જણાવતા તબીબે આવા કોઈ પરિપત્રની જાણકારી ન હોવાનુ જણાવી વસુલ લીધેલી ફીની પહોંચ આપી લેખિતમાં પરિપત્રની જાણકારી ન હોવાનુ આપ્યુ હતુ. ૯

ા. ૧૮-૫-૧૮ થી ઠરાવ ક્રમાંક હસપ/૧૨૨૦૧૮/ન.બા.૩૧/ અમાં જણાવ્યા મુજબ યોજનાના નિયમોની કલમ (૩.૮) અનુસાર ઈજાગ્રસ્તને સારવાર પેટે હોસ્પિટલને કોઈ નાણાં ચુકવવાના રહેશે નહી તેવુ સ્પષ્ટ જણાવ્યુ છે છતાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આ પરિપત્રની વિજાપુરની પર્ણાશા સાર્વજનિક હોસ્પિટલને જાણકારી નથી તે સરકારના મૂળભૂત ઉદ્દેશોનો છેડ ઉડ્યો હોવાનુ ઈજાગ્રસ્તોએ આક્રોશપૂર્વક જણાવ્યુ હતુ. વધુમાં સમગ્ર અકસ્માત સંદર્ભે વિજાપુર પોલીસમાં ફરીયાદ પણ થઈ છે.

## માઝુમ ડેમમાંથી ૪૦ અને મેશ્વો ડેમમાંથી ૧૦૦ ક્યુસેક પાણી સિંચાઈ માટે છોડતા ખેડૂતો મલકાયા

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લાના જીવાદોરી સમાન માઝુમ અને મેશ્વો ડેમમાં પાણીનો પર્યાપ્ત જથ્થો હોવાથી જીલ્લાના ખેડૂતોને રવિ વાવેતર માટે માઝુમ જળાશયમાંથી ૫ રાઉન્ડ અને મેશ્વો જળાશયમાંથી ૪ રાઉન્ડ પાણી છોડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. માઝુમ ડેમમાંથી ૪૦ ક્યુસેક અને મેશ્વો ડેમમાંથી ૧૦૦ ક્યુસેક પાણી છોડવામાં મોડાસા, ધનસુરા, ભિલોડા અને શામળાજી પંથકના હજ્જારો ખેડૂતોને સિંચાઈનો લાભ મળતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો.



મંગળવારે રાત્રે માઝુમ ડેમમાંથી ૪૦ ક્યુસેક પાણી અને બુધવારે મેશ્વો ડેમમાંથી ૧૦૦ ક્યુસેક પાણી છોડતા જીલ્લાના ૨૧૦૦ હેક્ટરથી વધુ વાવેતરને જરૂરી સિંચાઈનો લાભ મળ્યો હતો માઝુમ ડેમમાંથી હજુ એક રાઉન્ડ પાણી ખેતી માટે પાણી આપવામાં આવશે તેવું સિંચાઈ વિભાગના સૂત્રો પાસેથી જણાવ્યા મળ્યું હતું. માઝુમ અને મેશ્વો ડેમમાંથી પાણી છોડતા જિલ્લામાંથી પસાર થતી કેનાલ બે કાંઠે વહેતી જોવા મળી હતી. બંને ડેમમાંથી પાણી છોડતા કેનાલ નજીકના વિસ્તારોમાં વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી. ખેતરના સીમાડાઓ ધમધમી ઉઠ્યા હતા.

## અરવલ્લી જિલ્લાના ૯૦ છાત્રોએ એન.એમ.એમ.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ

કેન્દ્ર સરકાર દ્વારા સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરતા પ્રતિભાશાળી છાત્રોને માનવ સંશાધન વિકાસ મંત્રાલય તરફથી વર્ષ-૨૦૦૮થી નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પુરી પાડવામાં આવે છે. એન.એમ. એમ. એસ. માટે પરીક્ષા યોજવામાં આવે છે જેમાં પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ સર્જી મેરીટમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ સુધી દર મહિને ૧૦૦૦ રૂપિયા મળી કુલ વર્ષે ૧૨૦૦૦ રૂપિયા લેખે સ્કોલરશીપ ચુકવવામાં આવે છે. ચાલુ સાલે જીલ્લાના ૬ તાલુકામાંથી ૯૦ વિદ્યાર્થીઓ મેરિટના આધારે આ સ્કોલરશીપ માટે પસંદગી પામ્યા છે. જેમાં સરકારી શાળાના ૬૭ અને ગ્રાન્ટેડ શાળાઓના ૨૩ વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે પામ્યા છે. મોડાસા તાલુકાના સાકરીયા પ્રાથમિક શાળામાં ધો-૮માં અભ્યાસ કરતી હેતલ પ્રવીણભાઈ ચાવડાએ ૧૨૭ ગુણ મેળવી મેરીટમાં સ્થાન મેળવ્યું છે. અરવલ્લી જીલ્લાની સરકારી શાળાઓનું સ્તરમાં નોંધપાત્ર સુધારો થતા ૬૭ વિદ્યાર્થીઓ એન.એમ.એમ.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. જેમાં મોડાસા તાલુકામાંથી ૦૬,બાયડ-૨૯,ભિલોડા-૧૯, મેઘરજ-૨, ધનસુરા-૧૧ અને ગ્રાન્ટેડ શાળામાંથી બાયડ તાલુકામાંથી-૧૦, મોડાસા-૦૬, ધનસુરા-૦૬ અને માલપુર તાલુકામાંથી-૦૧ વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે યોગ્ય ઠરતાં આ શાળાઓએ શ્રેષ્ઠ ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. જીલ્લા શિક્ષાનિધિકારી ડૉ. એ.કે. મોઢ અને શિક્ષણવિદોએ વિદ્યાર્થીઓ અને તેમને તૈયાર કરનાર શિક્ષકોની પ્રશંસા કરી બિરદાવ્યા હતા.

## ટાકાટુકા પ્રાથમિક શાળા નં. ૧ નો વિદ્યાર્થી એન.એમ.એમ.એસ.ની પરીક્ષામાં ઝળક્યો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામની ટાકાટુકા પ્રાથમીક શાળા નંબર.૧ નો હોશીયાર વિદ્યાર્થી દ્વીપ મહેન્દ્રભાઈ પંચાલએ



૧૫૮ ગુણ મેળવી એન.એમ.એમ. એસ.ની શિષ્યવૃત્તીની પરીક્ષામાં અરવલ્લી જીલ્લામાં પ્રથમ નંબર અને ગુજરાત રાજ્યમાં તૃતીય નંબરે ઉર્તીણ થઈ વિરાટ સિધ્ધી હાંસલ કરતાં ટાકાટુકા પ્રાથમીક શાળા નંબર.૧ સ્ટાફ પરીવાર, ટાકાટુકા ગામ સહિત ભિલોડા તાલુકાનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.ટાકાટુકા પ્રાથમીક શાળા નંબર.૧ ૯ વિદ્યાર્થીઓ એન.એમ. એમ.એસ.ની પરીક્ષામાં ઉર્તીણ થયા છે. ટાકાટુકા પ્રાથમીક શાળા નંબર.૧ ના એન.એમ. એમ.એસ.ની પરીક્ષામાં ઉર્તીણ થયેલ વિદ્યાર્થીઓને સ્ટાફ પરીવાર, એસ.એમ.સી. સભ્યો, સી.આર.સી. સહિત શુભેચ્છકોએ એ બિરદાવ્યા હતા.

## સાબરકાંઠાના પ્રાથમિક શિક્ષકો દ્વારા પડતર માંગણીઓ અંગે હિંમતનગરમાં ધરણા

**કાળી પટ્ટી ધારણ કરી શિક્ષકોએ જિલ્લા પંચાયત આગળ દેખાવો કર્યો : શિક્ષકો દ્વારા હિંમતનગરના ધારાસભ્યને આવેદનપત્ર અપાયુ**

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા અંદાજે ૩ હજારથી વધુ શિક્ષકોએ તેમની પડતર માંગણીઓ અંગે રજુઆતો કરવા છતા તેનું નિરાકરણ ન થતા રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આદેશના ભાગરૂપે સોમવારે હિંમતનગર ખાતે સાબરકાંઠા પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ ધરણાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગે સાબરકાંઠા પ્રાથમિક શિક્ષક સંઘના અગ્રણી સંજયભાઈ પટેલ તથા ભોગીલાલ પટેલના જણાવાયા મુજબ ૧૯૯૭-૯૮થી રાજ્ય સરકાર દ્વારા જે પ્રાથમિક શિક્ષકોની વિદ્યાસહાયક તરીકે ભરતી કરીને તેમને પાંચ વર્ષ સુધી મામુલી રૂ. ૨૫૦૦નું વેતન આપવામાં આવતુ હતુ.

બીજી તરફ થોડા સમય અગાઉ રાજ્ય સરકાર દ્વારા આવા શિક્ષકોની નોકરીને સળંગ ગણવાનો નિર્ણય કર્યો છે. પરંતુ તેમને વિદ્યાસહાયક તરીકેના સમયગાળા દરમ્યાન થયેલા આર્થિક નુકસાન અંગે સરકારે કોઈ હકારાત્મક કાર્યવાહી કરી નથી. તો બીજી તરફ અન્ય ખાતાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને આવા લાભો આપી દેવાયા છે. તો શિક્ષકોને અન્યાય કેમ કરાયો તે સમજાતુ નથી.

જેના વિરોધમાં સોમવારે સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ જિલ્લા પંચાયત ખાતે ધરણાના કાર્યક્રમનો આયોજન કરાયુ હતુ. જેમાં અંદાજે ૩ હજારથી વધુ શિક્ષકો વતી તેમના પ્રતિનીધીઓએ ભાગ લીધો હતો. ધરણાં દરમ્યાન વિરોધ કરનાર શિક્ષકોએ કાળીપટ્ટી ધારણ કરી દેખાવો અને સૂત્રોચ્ચાર કર્યા હતા અને સંલગ્ન વિભાગના અધિકારી તથા હિંમતનગરના ધારાસભ્યને આવેદનપત્ર આપ્યું હતું.

આ આવેદનપત્રમાં જણાવાયા મુજબ શિક્ષકો માટે દાખલ કરાયેલી નવી પેન્શન સ્કીમને બદલે જુની પેન્શન સ્કીમ ચાલુ રાખવી જોઈએ તથા રાજ્ય સરકારે સમાન વેતન અને સમાન કામના સુત્રને અનુરૂપ રહીને શિક્ષકોને અન્યાય ન થાય તેની તકેદારી રાખવી જોઈએ.

## અમદાવાદ-હિંમતનગર બ્રોડગેજ લાઈન ૩૧ માર્ચ સુધીમાં કાર્યરત થશે

હિંમતનગર, તા. ૧૩

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર એ.કે. ગુપ્તાની અધ્યક્ષતામાં ૧૧ ફેબ્રુઆરીના રોજ પશ્ચિમ રેલવેના મુખ્યાલય ચર્ચગેટ ખાતે યોજાયેલી ૩૩મી ઝોનલ રેલવે યુઝર્સ કન્સલટેટિવ કમિટી (ઝેડઆરયુસીસી)ની પ્રથમ બેઠકમાં મેમ્બર પ્રફુલ્લ ઉપાધ્યાય દ્વારા એજન્ડામાં અગ્રક્રમે પુછાયેલા પ્રશ્નોમાં સૌથી મુખ્ય અને ઉત્તર ગુજરાત તથા રાજસ્થાનના ડુંગરપુર, ઉદયપુર પટ્ટાના લાખો પ્રવાસીઓ જેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. એ મુંબઈથી અમદાવાદ હિંમતનગર, શામળાજી, ડુંગરપુર, ઉદયપુરની સીધી રેલ સેવા ક્યારે શરૂ થશે એ બાબત મુખ્ય હતી.

રેલવે દ્વારા અપાયેલ માહિતી પ્રમાણે અસારવાથી રખિયાલ સુધી ૪૨.૪૦ કિલોમીટર તથા રખિયાલથી હિંમતનગર સુધીનો ૪૩ કિલોમીટરનો રેલરૂટ ગાડી દોડાવવાના અંતિમ તબક્કામાં છે. ૧૬ ફેબ્રુઆરીએ સેફટી કમિશનર



દ્વારા પ્રથમ તબક્કાના રેલરૂટનુ ઈન્સ્પેક્શન હાથ ધરાશે. રખિયાલથી હિંમતનગરનુ ઈન્સ્પેક્શન પણ ટૂંક સમયમાં હાથ ધરાશે. સેફટી કમિશનરની લીલી ઝંડી મળતાં મોડામાં મોડા ૩૧ માર્ચ સુધીમાં પશ્ચિમ રેલવેની મર્યાદામાં આવતા રેલરૂટનું ગેઝ કન્વર્ઝનનું કામ પૂર્ણ થતાં રેલસેવા શરૂ કરવાનું શક્ય બનશે. હિંમતનગરથી ઉદયપુર સુધીની રેલલાઈન નોર્થ-વેસ્ટર્ન ઝોનમાં આવે છે. આ લાઈનનું કાર્ય પણ લગભગ પુરૂ થવા આવેલ છે. સદીઓથી પછાત અને એમાં રેલ માર્ગથી પણ પછાત રહેલા સાબરકાંઠા, અરવલ્લી, ડુંગરપુર, ઉદયપુરના મુંબઈમાં વસતા લાખો પ્રવાસીઓનું સ્વપ્ન વર્તમાન સરકારના શાસન પુરૂ થાય એવી આશા છે.

## કડા ખાતે બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૩

વિજાપુર તાલુકાના માણેકપુરા પાટીયાં ખાતે આવેલ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો ૨૮મો સમુહ લગ્નોત્સવ અને સમુહ ઉપનયન સંસ્કાર યોજાયો હતો. જેમાં ૧૬ બટુકોએ જનોઈ ધારણ કરી હતી અને સમુહ લગ્નોત્સવમાં ૧૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડયા હતાં.

કડા પાસે આવેલ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ સંકુલ ખાતે તા.૧૦-૨-૨૦૧૯ને રવિવારના રોજ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા આયોજિત જ્ઞાતિ વિવાહ ૨૮મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં સમુહ લગ્નોત્સવમાં ૧૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડવા સાથે દીકરીનો ગર્ભપાત નહી કરાવવાના શપથ લીધા હતા. આ ઉપરાંત સમુહ યજ્ઞોપવિત ઉપનયન સંસ્કારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬ બટુકોએ જનોઈ ધારણ કરી હતી.





આ સમુહ લગ્નોત્સવ અને યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમના ભોજનના દાંતા જયશંકર ઈશ્વરલાલ મગનલાલ રાવલ પરિવાર તથા મંડપના દાતા ગીતાબેન પ્રદિપભાઈ શાંતિલાલ રાવલ પરીવાર દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજના પ્રમુખ રતીશભાઈ છગનલાલ રાવલ, શિવશકિત સેવામંડળ મુંબઈના ચેરમેન સુરેશભાઈ લક્ષ્મણદાસ રાવલ, મંત્રી શૈલેષભાઈ લક્ષ્મણદાસ રાવલ, વાઈસ ચેરમેન ભાસ્કરભાઈ વાસુદેવ રાવલ, વાઈસ ચેરમેન ગુણવંતભાઈ નટવરભાઈ રાવલ તેમજ શિવશક્તિ મંડળના ટ્રસ્ટીઓ કો. ટ્રસ્ટીઓ અને બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પદાધિકારીઓ અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા, જયારે આ પ્રસંગે વિજાપુરના ધારાસભ્ય રમણભાઈ પટેલ પણ ઉપસ્થિત રહી નવદંપતિઓને નવા જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. બામોસણા ગામના રાવલ સમાજના ભાઈઓ તથા કડા ખાતે રહેતાં રાવલ સમાજના ભાઈઓ તથા પટેલ સમાજના ભાઈઓએ પણ સાથ સહકાર આપ્યો હતો અને ૨૮મો સમુહ લગ્નોત્સવ સફળ રહ્યો હતો અને રાવલ સમાજના નવ હજારથી પણ વધુ લોકો સમુહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રણાસણના વતની અને સમાજના માજી પ્રમુખ સ્વર્ગસ્થ નારણભાઈના પરીવારને સન્માન પત્ર આપી સમાજ દ્વારા તેમની કામગીરીને બિરદાવવામા આવી હતી.

## પ્રાંતિજ ખાતે બ્રિલિયન્ટ યુવક મંડળ દ્વારા ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બ્રિલિયન્ટ યુવક મંડળ દ્વારા ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન તથા પરીક્ષાલક્ષી કીટનું વિતરણ કરવામાં આવ્યું.

પ્રાંતિજ ખાતે બ્રિલિયન્ટ યુવક મંડળ દ્વારા ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ માટે પરિણામ સુધારણા અને સર્વોચ્ચ સફળતા પરિણામની સાથે પરીક્ષાલક્ષી કિટનું વિતરણનો કાર્યક્રમ પ્રાંતિજ દશામાના મંદિર ખાતે યોજાયો હતો જેમાં સમાજના આગેવાનો, અગ્રણીઓ સાથે ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. ગાંધીનગરથી આવેલ ફેકલ્ટીઓ વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. જશુભાઈ સુતરીયા દ્વારા ઉપસ્થિત લોકોને કાર્યક્રમથી માહિતગાર કર્યા હતા. બ્રિલિયન્ટ યુવક મંડળના પ્રમુખ અરવિંદભાઈએ મંડળ વિશેની માહિતીની જાખી આપી




હતી તો ડૉ. રસિકભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને હકારાત્મક અભિગમ વિશે માહીતિ આપી હતી. મંડળ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા માટેની કિટનું વિતરણ કિટ દાંતા શામળભાઈ તથા હરેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. રમેશભાઈ પરમાર દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાન્તીભાઈ કાપડીયા, મનહરભાઈ પરમાર, માવજીભાઈ, કિરીટભાઈ સહિત મંડળના સભ્યો સમાજમાંથી વિદ્યાર્થીઓ સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## હડમતીયામાં સ્વાઈન ફલુનો પોઝેટીવ કેસ

**આરોગ્ય તંત્રની ટીમ દ્વારા ગામમાં સર્વે કરાતા ૧૫ને તાવ, શરદી, ખાસી : મોત થયેલા યુવકના સંપર્કમા આવેલા ૯ જેટલા લોકોને ટેમીફ્લુ ગોળી અપાઇ : ડો.નિમીકા પટેલ**

વડગામ તાલુકાના હડમતીયા ગામમાં એક યુવકનુ સ્વાઈન ફ્લુથી મોત થતા સ્થાનિક આરોગ્ય તંત્ર હરકત મા આવી ગયુ છે જલોતરા પીએચસી કેન્દ્રના અંડર આવતા હડમતીયા મા એક યુવક ના મોતથી આરોગ્ય તંત્રમા પણ દોડધામ મચી જવા પામી છે.

ગામમા આશા વર્કર તેમજ હેલ્થ વર્કર દ્વારા સર્વે હાથ ધરતા હડમતીયા મા ૧૫ જેટલા લોકોને સામાન્ય તાવ શરદી ખાસી જેવી બિમારી લોકોમા હોવાનુ જાણવા મળ્યુ હતુ જેઓ ને પ્રાથમિક સારવાર આપવામા આવી હોવાનુ તેમજ મૃત્યુ પામેલા યુવકના સંપર્કમા રહેલા ૯ જેટલા લોકોને ટેમીફ્લુ ગોળી આપવામા આવી હોવાનુ જલોતરા પીએચસી ના ડૉ.નિમિકા પટેલને જણાવ્યુ હતુ તેમજ મૃત્યુ પામેલા યુવકનો રિપોર્ટ પોઝેટીવ હોવાનુ પણ જણાવાયુ હતુ આમ વડગામ પંથક મા સ્વાઈન ફલુ કેસ થી હડકંપ મચી જવા પામ્યો છે.